# સસલાપાલન




પશુ વિજ્ઞાન કેન્દ્ર, લીમખેડા

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર

આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા - ૩૮૯ ૩૮૦

## સસલાના ઉછેરની પદ્ધતિ :

સસલાની પ્રજોત્પત્તિ ઘણી ઝડપી હોય છે. એનો ગર્ભાધારણ સમય ૩૦ થી ૩ર દિવસનો હોય છે. એક વખતમાં ૬ થી ૧૦ બચ્ચાં આપે છે. અ ને સામાન્ય સંજોગોમાં વરસમાં પાંચ વખત વિયાણ થાય છે. એટલે કે એક માંદા વર્ષમાં ઓછામાં ઓછા ર૫ થી ૩૦ બચ્ચા આપે છે. જો સઘન ઉછેર કરવામાં આવે તો વર્ષમાં ૧૦ વખત વિયાઈને ૫૦ બચ્ચા આપે છે.

સસલાને આહારમાં ઘાસ ચારાનાં વિવિધ વનસ્પતિના પાન જેવા કે વાંસના કુમળા પાન, દેશી બાવળ, ખીજડો, ચણોઠી, આમલી, રેઈન ટ્રીના પાન પણ આપી શકાય છે. શેવરી, સુબાબુલ પણ ઉગાડી તેનો પાલો પણ આપી શકાય છે. મોટા ફાર્મ પર રજકો ઉગાડીને આપી શકાય છે. ત્રણથી ચાર બચ્ચાના નાના એકમો માટે ઉપર જણાવ્યા મુજબના વૃક્ષોના પાલા ઉપરાંત ઘર આંગણે નાના કયારા બનાવી મેથી, લીલા ધાણા, પાલક વિગેરેને ઉગાડી સસલાને ખવડાવી શકાય છે.

## બચ્ચા ઉછેર :

સસલાના બચ્ચા ઉછેર ખૂબ ધ્યાન માંગી લેતી નાજુક બાબત છે. સસલાના બચ્ચાને ‘બની’ કહેવામાં આવે છે અને સસલીના વિયાણ Kindling કહેવામાં આવે છે. સસલા જો નાના કદના હોય તો પુખ્ત વયે બે કિ.ગ્રા. વજનના થાય તો પાંચથી છ માસની ઉમરે પુખ્ત થાય છે અને મધ્યમ કદના એટલે પુખ્તવયે તેમનું વજન ૩ થી ૪ કિ.ગ્રા. હોય તો સાતથી આઠ માસની વયે પુખ્ત થાય છે. અને પુખ્ત વયે પાંચ કિ.ગ્રા. કે તેથી વધુ વજન ધરાવતા સસલા મોટા કદના કહેવાય છે, અને તે આઠ કે દસ માસની ઉંમરે પુખ્ત થાય છે.

## માદા સસલીની માવજત :

નર સસલાને સસલીઓથી અલગ રાખવો પડે છે. સંવર્ધન માટે સસલીને નરના પાંજરામાં લઈ જવી પડે છે. સસલીનું ચોકકસ ઋતુ ચક્ર હોતું નથી. સસલી ૧ર થી ૧૪ દિવસના ગાળા બાદ બે દિવસ નરને સ્વીકારતી નથી પછી બાકીના સમયગાળા માટે નરને સ્વીકારે છે. આ સમયગાળામાં સસલી યોનિ જાંબલી દેખાય છે. આ સમયે સસલી અશાંત જણાય છે. એની દાઢીનો ભાગ ઘસતી જણાય છે. અન્ય સસલી પાસે જવા પ્રયત્ન કરતી હોય છે જયારે સસલી સ્વીકૃતિનો સમય ધરાવતી હોય ત્યારે તેને નરના પાંજરામાં લઈ જવામાં આવે છે. આ સમયે નર પાછળનો ભાગ ઉચો કરી પૂંછડી પીઠ પર રાખી ચાલે છે અને સસલી પર પેશાબ પણ કરે છે. અને સસલીને નર પાછળના ભાગે ચઢી આગળના પગોથી સસલીને પેટના ભાગે પકડી શિષ્ન યોનીમાં દાખલ કરે છે અને છ થી સાત ધકકા લગાવે છે અને વિર્ય સ્ખલન થાય એટલે નરની એક વિશિષ્ટ મુદ્રા થાય છે. પાછળના ભાગે પડી અવાજ કરે છે.

મોટા ભાગે મેટીંગ પછી ગર્ભધારણ થાય જ છે. સસલીનો ગર્ભાવસ્થાકાળ ૩૦ થી ૩ર દિવસનો હોય છે. ૧૦ થી ૧૫ દિવસ બાદ પેલ્વીસના આગળના ભાગમાં પેટ પર બહારથી હાથ મૂકી બચ્ચા નાના કાંકરા જેવા કદના લાગે છે.

ગર્ભધારણ થયેલ સસલીનુ ૧૮ ટકા ક્રૂડ પ્રોટીનવાળો આહાર આવો જોઈએ. જેથી તેની તંદુરસ્તી જળવાય, વિયાણ પછી બચ્ચાને સારી રીતે ધાવી શકે એટલું દૂધ ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવતી થાય. આ માટે આહાર અને સારી ગુણવત્તા વાળો રજકો, કોથમીર, ઓટ અને વનસ્પતિના પાન પણ આપી શકાય. સસલીના આહારમાં નીચે મુજબનુ દાણ મિશ્રણ દૈનિક ૨૦૦ થી ૩૦૦ ગ્રામ જેટલું આપી શકાય.

| | | | |
|---|---|---|---|
| વ્હીલ બ્રાન (ઘઉંનું થુલુ) | ૧૫ ટકા | જવ | ૨૦ ટકા |
| લીનસીડ ખોળ | ૧૦ ટકા | મીટ મીલ | ૮ ટકા |
| રજકા જેવું સુકું ઘાસ | ૩૦ ટકા | મીનરલ મિક્ષ્ચર | ૧ ટકા |
| મીઠું | ૧ ટકા | | |

સસલાને ૨૪ કલાક ચોખ્ખું પાણી આપવું જરૂરી છે.

**સસલીમાં વિયાણ માટે કરવાની તૈયારી :**

વિયાણની સંભવત તારીખના પાંચ દિવસ પહેલા સસલીને અલગ રાખવી જોઈએ અને પાંજરામાં અકે નેસ્ટ બોકસ મુકવું જોઈએ. આ નેસ્ટ બોકસ ૨૪'' X ૨૪'' X૧૮'' ની સાઈઝનું હોવું જોઈએ. નેસ્ટ બોકસ તરીકે પહોળા મોઢાનું માટલું પણ વાપરી શકાય છે વિયાણની પૂર્વ તૈયારી રૂપ સસલી પોતાની છાતી અને પેટ પરના વાળ કાઢી પથારી બનાવે છે.

સસલી વિયાણના બે - ત્રણ દિવસ પહેલા ખોરાક ઓછો કરી નાખે છે. સસલીમાં વિયાણ મોટે ભાગે વહેલી સવારે થાય છે. સસલી પાછલા ભાગે બેસી મો વાટે બચ્ચા ખેંચે છે. સસલી આ પ્રક્રિયામાં ઓર ખાઈ જાય છે. વિયાણ લગભગ ૩૦ મિનિટમાં પુરં થાય છે. વિયાણ બાદ સસલી બચ્ચાને ચાટીને સાફ કરે છે અને બચ્ચાને ધવડાવે છે.

**સસલીનું દુગ્ધાવસ્થા :**

સસલીમાં ગર્ભાવસ્થા દરમ્યાન દુગ્ધગ્રંથીનો વિકાસ ઘણો ધીમો થાય છે. પરંતુ છેલ્લા અઠવાડિયામાં ઘણો ઝડપી વિકાસ થાય છે. અને ૨૦માં દિવસે દૂધ સ્તનમાં દેખાવા માંડે છે. આ સમયગાળામાં સસલી દૈનિક ૨૦૦ થી ૨૫૦ ગ્રામ દાણ તથા ખાઈ શકે એટલો લીલો ચારો આપવો જોઈએ.

સામાન્ય રીતે સસલી તેના બચ્ચાંને દિવસમાં એકવાર સવારે ત્રણથી પાંચ મિનિટ માટે ધવડાવે છે. પ્રથમ દિવસ સસલી ૫૦ થી ૬૦ મીલીગ્રામ દૂધ પેદા કરે છે. જે ૨૧ દિવસમાં વધીને ૧૦૦ થી ૨૦૦ ગ્રામ જેટલું થાય છે. પછી દૂધ ઉત્પાદનમાં ઘટાડો થાય છે.

**નવજાત બચ્ચાંની સંભાળ :**

નવજાત બચ્ચાં વાળ વગરના હોય છે. તેમના કાન અ ને આંખ બંધ હોય છે. બચ્ચા ૧૦ થી ૧૧માં દિવસે આંખ ખોલે છે. સસલી દિવસમાં એક જ વાર થોડી મિનિટો માટે ધવડાવે છે. શરૂઆતના ૧૯ થી ૨૦ દિવસ બચ્ચાં ધાવણ પર જ આધાર રાખે છે. સસલીના દૂધમાં ૧૦ થી ૧૨ ટકા પ્રોટીન અને ૧૨ થી ૧૩ ટકા ફેટ હોય છે. બચ્ચા ધવડાતી સસલીને

૧૮ ટકા ક્રૂડ પ્રોટીનવાળો આહાર આપો તથા ઈચ્છા થાય ત્યારે પી શકે એવી રીતે પાણીની વ્યવસ્થા રાખો. સસલીને આ સમય ગાળામાં દૈનિક ૧૮૦૦ મી.લી. પાણીની જરૂરત રહે છે. ૬ થી ૧૦ બચ્ચાના સમૂહનું વજન જન્મ સમયે ૪૦૦ ગ્રામ થી ૬૦૦ ગ્રામ જેટલું હોય છે.

જો કોઈ સસલીને વધુ પડતું બચ્ચા હોય તો એની પાસે પાંચથી છ બચ્ચા રહેવા દઈ વધારાના બચ્ચા અન્ય તે જ સમયે વિયાએલ ઓછા બચ્ચાવાળી સસલીને આપવા જોઈએ. આમ શકય ના બને તો ગાયના ૧૦૦ મીલી દૂધમાં પાંચ મી.લી. કેલ્શિયમ કેસીનેટ ઉમેરી બચ્ચાને પીવડાવી શકાય છે. પીવડાતી વખતે દૂધ સાધારણ ગરમ હોવુ જોઈએ. દૂધનું પ્રમાણ નીચે મુજબ લેવું.

| બચ્ચાની ઉંમર | પીવડાવવાનો જથ્થો | પીવડાવવાનો સમય |
|---|---|---|
| પ્રથમ અઠવાડિયું | ૫ મી.લી. | દિવસમાં બે વાર |
| બીજું અઠવાડિયું | ૧૫ મી.લી. | સવારે - સાંજે |
| ત્રીજું અઠવાડિયું | ૨૫ મી.લી. | સવારે - સાંજે |

### બચ્ચાનું વિનીંગ :

છ થી આઠ અઠવાડિયા બાદ બચ્ચાને માતાથી છુટા પાડવા જોઈએ. આ બચ્ચાને સમહુમાં અલગ અલગ રાખવા જોઈએ.૧૨ ઓઠવાડિયા બાદ નર બચ્ચા અલગ કરવા જોઈએ. કારણ કે આ ઉંમરે નર આક્રમક સ્વભાવ દાખવે છે.

### બચ્ચાનો આહાર :

સામાન્ય રીતે સસલા ત્રણ અઠવાડિયા બાદ થોડો આહાર ચાલુ કરે છે. આ સમયે બચ્ચા ખાઈ શકે એટલો કુમળો લીલો ચારો જેવા કે લીલો રજકો, લીલા ધાણા, ઘરો, કોબી આપવો જોઈએ. ૬ થી ૧૨ અઠવાડિયા દરમ્યાન સસલાને ૧૬ ટકા ક્રૂડ પ્રોટીનવાળો આહાર આપવો જોઈએ. સસલાના આહારમાં ૧૨ થી ૧૪ ટકા રેસાતત્વ જરૂરી છે. સસલુ સતત ખાવાવાળું પ્રાણી છે. જેથી પીજરામાં સતત ચારો ઉપલબ્ધ રાખો.

સામાન્ય રીતે સસલાને ૬ થી ૮ મીલીમીટર વ્યાસવાળા પેલેટસ વધારે અનુકૂળ રહે છે. પરંતુ જો આવો આહાર ન મળે તો ભરડેલો અને ૧૨ કલાક બોળી રાખેલો આહાર આપવો જોઈએ.

### સસલાના પાંજરાની આવશ્યકતા :

સસલાના પાંજરા નિયમિત દરરોજ સાફ કરવા જોઈએ. બ્રશની મદદથી લીડી, પેશાબ સાફ કરી ચોખ્ખાં અને ભીનાશ વિનાના રાખવા જોઈએ.


: લેખકો :

ડૉ. સફી વહોરા અને ડૉ. જી. એન. થોરાત

પશુવિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવગઢ બારીયા